
જાન્યુઆરી–૨૦૧૭
અંક – ૧

# અરુણોદય




**EDITORIAL BOARD**

- H.D. PADHERIYA
- A.R.DABHI
- V.G. RATHOD
- Kum. U.M. BHATT

## અનુક્રમણિકા

— UNFORGETTABLE KUTCH
— વિધાર્થીના પાંચ ગુણ
— "વાણી અમોઘ શસ્ત્ર"
— જાગૃતિ
— "સખી વિના"
— જાગો ! મા બાપથી કેમ દૂર ભાગો ?
— ભારતમાં જન્મ મળવો દુર્લભ
— રાષ્ટ્રપ્રેમ
— ડીજીટલ પેમેન્ટ

**R.K.DASH**
G.M.(PROJECT)

# UNFORGETTABLE KUTCH

*People use to paint a gloomy picture while talking about this part of Kutch .Rightly so because Lakhpat use to fall behind every modern index of life. Far from the rush of life it appears that time has stopped here since mediaeval period. There is a prevailing sense among government servant that serving here will be nothing sort of a punishment. I was not an exception. But one incident had made a revolutionary change in my perception of this region and I started to view the world with a different prism altogether.I t was 23rd October 2012. I was on a short trip from Rajpardi to shift my family and households.I had just been transferred to Rajpardi.That was a time of Navaratri festival and I wanted to pay a visit to the Godadhad Shrine of Maa Asapura . I believe that if there is any divine footprint that should be close to nature. This shrine is away from hustle and bustle of life rush, thus drives me to visit it time and again. As I was leaving Kutch so I thought to pay my gratitude to the goddess and place where I always use to get a peace of mind. I was busy during the whole day in packing and arranging the households . During evening I with my wife started for Godadhad Shrine by foot. Lights were fading fast and road was very lonely.We were in a hurry but it was a long distance. Soon the enthusiasm turned to fear .We started frightening how we took this risk. In our home land most of the crimes were committed at lonely and deserted r oads. To our worry lights were fading fast. We had asked the jeep driver to pick us up from the temple after two hours I could read my wife's pale face.Though we both were on the same page but were not sharing with one another. There was prevailing an apprehecive silence in the surroundings.By that time a lorry was seen from the Horizon. It came close and close. It passed us braked and reversed. At that time there were nobody else except we two and the lorry.It was reversing means they might have some ill intension. A spine chilling fear shrouded me. At once I thought of running but that will not help. I could see my wife murmuring hanuman chalisha. After coming close we heard the driver telling something and the helper got down. I was ready to fight with him. He was speaking something in Kutchi which I was unable to comprehend. I thought he might be demanding our valuables. Alas why we choose to select the time and route in this god forbid location. The conductor was approaching us and my muscles were getting stiffed.He reached us and politely offer water if we need. What a pleasant anticlimax. Given to thecircumstances it is unexpected to receive such a response. Further Kutch is water scarcity region; they might have collected it with difficulty. But they thought it worth to offer two pilligrims, Perhaps this way they were serving the mother goddess.We politely said no to the offer and that truck moved away in no time. But that single event changed my whole idea of the Kutchi folk and the precious human value they were carrying. Now a days I don't fear people at the first place I try to believe them that's what the kutchi lorry man taught me. This is why perhaps Kutch is unforgettable and will remain unforgettable for some people like me.*

બી.પી. દવે
માધ્યમિક શિક્ષક

# વિધાર્થીનાં પાંચ ગુણ

કાક ચેષ્ટા બક ધ્યાન

શ્વાન નિંદ્રા તથૈવ ચ |

અલ્પાહારં બ્રહમચર્ય

છાત્રાણાં પંચ લક્ષણમ ||

ભાવાર્થ :- કાગડા જેવી ચતુરાઇ

બગલા જેવું ધ્યાન

કૂતરા જેવી ઉંઘ

થોડા આહાર અને સંયમ

વિધા પ્રાપ્ત કરવા, માં સરસ્વતીની સાધના કરવા વિધાર્થી જીવનમાં જે પાંચગુણો હોવા જોઇએ તેની વાત આ શ્લોક માં કરવામાં આવી છે વિધાર્થી એટલે જે ફક્ત શાળા – કોલેજમાં અભ્યાસ કરે છે તે એવો સિમિત અર્થ નથી. વ્યાપક રીતે જોઇએ તો દરેક વ્યક્તિ વિધાર્થી છે. શિક્ષણનો કોઇ અંત નથી.

જીવનની અંતિમ ઘડી સુધી માનવી સતત શીખતો રહ્યો છે. એટલે જ તો કહેવાય છે કે

"શિક્ષકતો આજીવન વિધાર્થી છે."

શિક્ષણ કોને કહેવાય?

શિક્ષણ એટલે શિ-ક્ષણ .

શી રીતે ક્ષણ પસાર કરવી તે શિખવે તેનું નામ શિક્ષણ ટાઇમ મેનેજમેન્ટ આવશ્યક છે. જે સમયને માન આપે છે તેને સમયે માન મળે છે. જે સમય ને સાચવે છે તેને સમય સાચવે છે.

રેખાબેન જે યાસુ
અંગ્રેજી માધ્યમિક શિક્ષક

# "વાણી અમોઘ શસ્ત્ર"

પરમપિતા બ્રહ્માએ સૃષ્ટિનું સર્જન કર્યું અમીબાથી અજગર સુધીની અને વાનરથી માનવ સુધીની સૃષ્ટિ રચી પરંતુ વાણીનું વરદાનતો માત્ર માનવીને જ આપ્યું એ વાણી વડે જ વિશ્વનો વ્યવહાર ચાલે છે.પ્રેરક અને પ્રાણવાન વાણી અમંગળને સક્રિય બનાવે છે.હારેલા જીવન પથિકને પ્રેરણાના પીયુષ પુરા પાડે છે ના હિંમતને હિંમતવાન અને બીકણને બહાદુર બનાવે છે મૃત્યુને માંડવેથી માનવને પાછો વાળે છેજીવન પથિકે ગુમાવેલી શ્રધ્ધા પાછી આપે છેઆવી વાણી ધારેતો ક્રાંતિ કરાવી શકે,ધારે તો હિમાલયની શાંતિ અપાવી શકેઅને એથી વિરોધ કટુવચનો ધારેતો યુધ્ધ પણ કરાવી શકે છે.દુર્યોધનની અભિમાની અને અમર્યાદિત વાણીને લીધે જ તો મહાભારત નું યુધ્ધ થયું હતુંમાટે વાણી વિનાશનું કારણ પણ બની શકે છેપ્રેરક વાણીથી માનવ આળસથી અળગો થઇ,વેદનાથી વેગળો થઇ જતા જિંદગી ઝીન્દાદિલથી જીવવા માટે કટીબધ્ધ થાય છે.જો એક ડોક્ટર સારી વાણી વાપરે તો દર્દીની અડધી પીડા મટી જાય છે,જો એક વકીલ સારી વાણી વાપરે તો એના અસીલની અડધી ચિંતા દૂર થઇ જાય છે,અને જો એક શિક્ષક સારી વાણી વાપરે તો નિરાશ વિદ્યાર્થીના જીવનમાં આશા ભરી તેનું જીવન બદલી શકે છેસ્વામી વિવેકાનંદ પોતાના વ્યક્તિત્વને કારણેજ પરદેશમાં પણ પોતાના ધર્મને શ્રેષ્ઠ સાબિત કરી શક્યા હતા.તેઓ શિકાગો વિશ્વધર્મ પરિષદમાં પોતાની વાણીને લીધે જ *MESSENGER OF GOD* કહેવાયા.

બોલવું એ પણ એક કળા છે ક્યાં,ક્યારે અને કેટલું બોલવું એ સમજ હોવી જોઈએ. ગુજરાતીમાં એક કહેવત છે કે 'ભેંસ આગળ ભાગવત'અને 'પાડા આગળ પારાયણ' એટલે વ્યક્તિને એટલી સમજ હોવી જોઈએ કે ક્યાં શું અને કેટલું બોલવું,ક્યારે બોલવું જ્યાં બોલવાનો કઈં મતલબ જ સરતો ન હોય ત્યાં ચુપ રેહવામાં સમજદારી છે.ગુજરાતીની કહેવતો 'બોલે એના બોર વેચાય'અને 'ન બોલવામાં નવ ગુણ' એ પણ આ વાતનું જ સમર્થન કરે છે કે ક્યાં બોલવાની જરૂર છે અને ક્યાં ન બોલવાનો ગુણ કેળવવાની જરૂર છે.

મડદામાંથી માણસ બેઠા કરતી વાણી એ તો સુધાકુંભ છેસંજીવની છેઅમૃતનો જ્યોતિકળશ છે.વાણી તો વ્યક્તિને વ્યક્તિ સાથે,વ્યક્તિને વર્ગ સાથે અને વ્યક્તિને વિશ્વ સાથે જોડતી સોનેરી કડી છે.આવી વાણી શુધ્ધ હોય અને તેના દ્વારા સિધ્ધ થતું સાધ્ય પણ શુધ્ધ હોયતો તેમાંથી બને છે વાણીનું પંચામૃત

एन पारीक
लिग्नाइट प्रोजेक्ट पानन्ध्रो

# जागृति

जागृति है अंतःकरण में छिपी एक श्वास का वतानस्पंदन जिसका देता है मा ,
। आभास
सर्वत्र व्याप्त है कपट ,विद्वेष,दुराचार ,भ्रष्टाचार ,अविश्वास ,घृणा ,
सहस्त्रों दुशासन कर रहे हैं शील ,अहिंसा से बलात्कार ,नीति ,
रामा महावीर के आदर्शों पर कडा प्रहार ,बुद्ध ,
सुनो हताहत जीवन मूल्यों की वेदना का चीत्कार ,
पाप के अथाह बोझ तले दबी इला का दुःख अपार,
अंतरात्मा के किसी कोने में सुगबुगाहट करती जागृति का आव्हान ।
जागृति है अंतःकरण में छिपी एक श्वास स्पंदन जिसका देता है मानवता का ,
। आभास
जागृत समाज की कल्पना करती है हृदय को प्रसन्न अपार
न हो द्वेष,न किसी के शील पर प्रहार ,न दुराचार ,न घृणा ,
न दिलों में दूरियां हों ,न हो अविश्वास की अभेद्य दीवार ।
स्वस्थ रहे मस्तिष्क,ख़त्म हो मिथ्याचार ,खुले रहें विचार ,
निश्छल रहे हृदय तो स्वतः खुल जाएं उन्नति के द्वार ,मिट जाएँ प्रतिकार ,
निष्कपट धर्मयुक्त कर्म का जागृति से ही संभव है आचार ,
जागृति है अंतःकरण में छिपी एक श्वास ,स्पंदन जिसका देता है मानवता का
आभास ।
मात्र साक्षरता एवं किताबी शिक्षा से ही संभव नहीं है उपचार ,
उत्कृष्ट संस्कारों तथा नैतिक मूल्यों का करना होगा संचार,
प्रकृति के साथ हमें स्वयं को करना होगा एकाकार,
सजीव हो या निर्जीव सभी का है उचित स्थान एवं अधिकार,
समाज में करना होगा समानता एवं सामंजस्य का प्रसार ।
जागृति है अंतःकरण में छिपी एक श्वास स्पंदन जिसका देता है मानवता का ,
। आभास
,पनपा पंक से रहा स्निग्ध निर्मलता के पास "नीरज"
क्यों मानव विचलित दुर्गन्ध से क्यों न करता अथक प्रयास ,
हों भाव उत्कृष्ट हृदय ,परिष्कृत,रहे पर पीड़ा का भास ,
हो स्वार्थ त्याज्य, न हो ब्रह्मांश का ह्रास ,परमार्थ धर्म ,
मानवीय गुणों से अवश्य ही होगा देश एवं समाज का विकास ।
जागृति है अंतःकरण में छिपी एक श्वास स्पंदन जिसका देता है मानवता का ,
। आभास

ગીતાબેન પંડયા
પ્રાથમિક શિક્ષક



# "સખી વિના"

વળાવી પિયર જ્યારે 'તેને' ;
પત્ની વિનાના ઘરમાં પ્રવેશતા
ખૂણે પડેલી 'ચેર' માં લંબાવ્યું
'હાશ' છુટકારો મળ્યો
હમેંશ ની ફરિયાદો ને
ચીજ – વસ્તુ ઓની રામાયણ
કલુશિતા પ્રસરતી.........
ઝગડતાં , વાદ- વિવાદકરતાં અમે ?

થાક્યો, કંટાળ્યો,
તૂટશે ગૃહસંસાર
સ્નેહ ની કડી તોડી ને
વળાવી આવ્યો ...........?

નાની શી ટુથબ્રસ ને શૃંગાર પ્રસાધનો
ખીંટી એ ટીંગાયેલી સાડી નીલી ;
મેજ બનાવેલ પેન્ટીગ એનુ
અવશેષ રૂપે ........ ?

રીસાતી એ-કલાકો સુધી તુલસીકને બેસતી
થાકીને મનાવતો ? કાન પકડી ને કહેતીએ
પવન ને વીજળી સમ રૌદ્ર બની,
તાંડવ નૃત્ય કરતી
એ... ય ..... આજ તમારો પ્રેમ ને ?



ધીમુ રૂદન તુલસીનું રજનીમાં
અફળાટ બારણાનો
જાગ્યો અધનીદ્રાએ બેબાકળો !
ત્યાં જ તુલસી રવ કાને સ્પર્શ્યો
હું ય સુની છુ તારા હૈયાની જેમ
તારી-મારી "સખી"વિના
તત્કાલ નિર્ણય મે કર્યો
પ્રિયા ને પુન પ્રવેશ આપવાનો .....

કુવરબેન જે.દેસાઇ
અંગ્રેજી પ્રાથમિક શિક્ષક

# જાગો | મા બાપથી કેમ દુર ભાગો ?

વૃધ્ધાશ્રમ તો સમાજ માટે કલંક છે જ પરંતુ આજે કેટલાય માબાપ વૃધ્ધા પોતાના ઘરમાં વૃધ્ધાશ્રમ જેવું એકલવાયું Routine નિવૃત જીવન ગાળે છે આજ લોકોને " અમે બે અમારા બે" Small family happy family વધુ ગમે છે પરંતુ તેવા લોકોને ખબર છે કે પોતે કેટલું ગુમાવી રહ્યા છે?

નાન કુટુંબથી તમને નિરાંત લાગતી હશે પરંતુ એનું નુકશાન સંતાનોને વેઠવું પડે છે કેમ કે આજના યંત્રવત યુગમાં માણસ પાસે ઉંડો શ્વાસ લેવાનો સમય નથીતે પોતાના બાળકોને સમય કયાંથી આપી આપી શકે. તેના કારણે એકલતા અનુભવે છે પણ પોતાનો સમય ટીવી , વિડીયોગેમ અને મોબાઇલમાંપસાર કરી દે છે. બાળકોની Vocabulary ઘટતી જાય છે કેમ કે તેમની જોડે વાત કરવા મા-બાપને સમય નથી. જેથી બાળકોનો સર્વાંગી વિકાસ થતો નથી. ચશ્મા વ્હેલા આવી જાય છે.તેમના શરીર સ્થૂળ બને છે પ્રેમથી વંચિત રહી ગયેલા બાળકો મોટા થઇ Stress અનુભવે છે જલ્દી Upset થઇ જાય છે. અપમૃત્યુ અને ગુનાહિત પ્રવૃતિ તરફ વળે છેઆમ બાળકનું બાળપણ Time table , Tution અને TV વચ્ચે જ પસાર થઇ જાય છે. પરંતુ જો તમારા મા-બાપ તમારી પાસે રહેતા હશે તો તમારી 80 % જવાબદારી ઓછી થઇ જશે. તમારા બાળકનું બાળપણ ખીલશે અને ખાલી પસાર નહી થાય. બાળવાર્તાઓ,બાળગીતો,રામાયણ,મહાભારતની વીરરસની ગાથાઓ સાંભળશે રમતો રમશે,અનુભવો મેળવશે તેમની જીજ્ઞાસા વૃતિ ખીલશે આપણે આપણા Busy time table ના લીધે ઘણીવાર આપણા સંતાનોના પ્રશ્નોના જવાબ નથી આપી શકતા ઘણીવાર તેમની લાગણી સમજી શકતા તે દાદા-દાદી આપી શકશે. અરે એટલું જ નહી તેમના દ્વારા તમારા બાળકો તમારું મહત્વ સમજશે.

તમે પૈસાથી નોકર રાખો તે તમારા સંતાનને પ્રેમ નહી આપી શકે માત્ર ફરજ પુરી કરશે જેમાં ભાવ નથી,પ્રેમ નથી માત્ર Routine લેખાશે. આ પ્રેમ તો તે વ્યકતિઓ જ આપી શકે જેને મૂડી કરતા વ્યાજ વ્હાલું હોયતમારા બાળકનું બાળપણ ખીલશે અને તમારા માતા-પિતાનો ખાલીપો પુરાઇ જશે તમારા બાળકો તમારો આભાર માનશે અને માતા-પિતાના આશીર્વાદ મળશે. જો કે ફાયદા ગણી મા-બાપને ન રાખવાના હોય પરંતુ એટલા માટે કહેવું પડે છે કે નુકશાન તમને નહી આવનારી પેઢીને છે

"નસીબદાર તે જેને
સાથ મળ્યો મા-બાપનો બાળપણમાં
પણ વંદનીય તે
જેણે સાચવ્યા મા-બાપને ગૃહસ્થાશ્રમમાં"

પ્રકાશ બી. પ્રજાપતી
ઉ.મા.શિક્ષક

# ભારતમાં જન્મ મળવો દુર્લભ

ભારતની માટીમાં આપણને જન્મ મડ્યો છે એ ખરેખર આપણું સૌભાગ્ય છે વિશ્વમાં કઇ કેટલીયે સંસ્કૃતિઓ આવી અને ગઇ છતાં આજ દિન સુધી ટકી રહી હોય તો તે ફક્ત ભારતીય સંસ્કૃતિ જ છે

કદાચ માણસને ભારતની વર્તમાન પરિસ્થિતિ જોઇને ભારતમાં જન્મ લેવે એ કદાચ તેને શાપ રૂપ લાગે પણ ગંગોત્રીની ગંગા જેવી પવિત્ર પરંપરાઓ વિશુધ્ધ વારસો, અમર ઇતિહાસ જોઇને લાગેકે ભારત જેવી સંસ્કૃતિ ભૂતલ પર એકેય નથી પ્રત્યેક ભારતીયને એવું લાગે છે કે મારો દેશ વિકસિત હોય સુદૃઢ હોય

'ભા' શબ્દનો અર્થ થાય – પ્રકાશ તેજ, સૌંદર્ય અને તેમાં રત થવું એટલે કે ખોવાઇ જવું એટલે ભારત
અહીં ની ભૂમિના લોકોને તો વિશ્વને નૈતિક મૂલ્યો આપ્યા છેઅને આજે પણ પ્રકૃતિને પૂજનારી વડીલોને આદર કરનારી આપણી સંસ્કૃતિ છે તેમાં જન્મ દુર્લભ છે એવાં કેટલાંયે પાસા છે, જેનાથી મને ચોક્કસ છે કે ભારત મહાન છે

ભવ્ય સાંસ્કૃતિક વારસો –

ભારતે સુસભ્ય અને સુસંસ્કૃત સમાજરચના ઉભી કરી બતાવી છેજે માત્ર ચંદન ટીલા-ટપકાં માળા માંજ સંસ્કૃતિ શોધે છે તેઓ વાસ્તવિક રીતે સંસ્કૃતિ થી અજાણ છે. આ દેશે શ્રેષ્ઠ વિચાર અને વિચાર પૂજક વિશ્વને આપ્યાં છેદસ હજાર વર્ષોના વૈદિક વારસાને લીધે જ આજે વિશ્વમાં વિવિધ ક્ષેત્રો જેવાંકે સંશોધન,સોફ્ટવેર,ટેકનિકલ, સાહિત્ય , સ્થાપત્ય , કળા વગેરેમાં બેજોડ પ્રગતિ કરેલી છે.

આજના ભારતમાં અંધશ્રધ્ધા "બેટા તેરા ભલા હો જાયેગા" બાબા-ચમત્કાર-પાખંડ ભરેલા દેખાય છે પણ ઉપરના આવરણને દૂર કરેએ તો અંદર ઝગમગતી ઇશ્ર શ્રધ્ધા જ છે. ભારતની ભૂમિમાં વેદોઉપનિષદ,ગીતા,રામાયણ ,મહાભારત જેવું તત્વજ્ઞાન જન્મ્યું છે ખીલ્યું છે

<u>આરોગ્ય,સ્વાસ્થ્ય ,વિજ્ઞાનક્ષેત્ર-</u>

અસહ્ય બિમારીને મટાડવાવાળા આયુર્વેદન આજે આખં વિશ્વ અપનાવી રહ્યં છે માત્ર શારિરીક જ નહી પણ માનસિક આરોગ્યને પણ ધ્યાનમાં લઇને તેને અનુરૂપ ચિકિત્સા પધ્ધતિ આપવા વાળા મહાન ઋષિ, પતંજલિનાં યોગશાસ્ત્રનું વિશ્વ અનુસરણ કરી રહ્યુ છે

ચાર પુરૂષાર્થ-

વૈદિક વારસામાં જીવનના ધર્મ,અર્થ,કામ અને મોક્ષ જેવા ચાર પુરૂષાર્થ માન્ય છે. અને જીવનના બધા દષ્ટિકોણથી જોઇને સંતુલિત જીવનશૈલી નિર્માણ કરેલી છે

<u>વિવિધતામાં એકતા-</u>

" ના હિન્દુ નીકડ્યા ના મુસલમાન નીકડ્યા , કબર ઉઘાડી જોયું તો ઇન્સાન નીકડ્યા"
વિવિધતામાં એકતા એ ભારતીય સંસ્કૃતિની વિશિષ્ટતા છે વૈચારિક મતભેદ હોવા છતાં પણ એકબીજા પ્રત્યે સન્માનની ભાવના છે. ભેદ તો બધીજ જગ્યાઓ રાષ્ટ્રમાં છે છતાં પણ તેમને સમાવીને આંતરિક ઐક્ય ઉભુ કર્યુ આજ વારસાની મહત્તા છે

જીવન મુલ્યો પર પ્રેમ -

હું કેવો દેખાઉં છુ, (બાહ્ય વિકાસ ) એનાથી પણ વધારે હું કેવો છું (આંતરિક વિકાસ) અને મારું વર્તન બીજા સાથે કેવું છે તેનાથી આપણી સંસ્કૃતિ ઓળખાય છે

ત્યાગ , શીલ , સદાચાર, સેવા, નીતિ,ધર્મ એવા તત્વોથી યુક્ત આ ભુમિ છે
" Indian culture teach us real meaning of life."

ગાંધીજી વિવેકાનંદ જેવી ચારિત્ર્યવાન વ્યક્તિઓ પોતાનામાં રહેલા ગુણોને કારણે સમગ્ર દેશને વિશ્વના ફલક પર મૂકી શકે છે

વિદેશી અનુકરણથી માત્ર ભૌતિક વિકાસ શક્ય છે જ્યારે સર્વાંગી વિકાસ માટે ભારતીય વારસાનો જ આધાર લેવો પડશે કારણકે આપણો સાંસ્કૃતિક વારસો આપણને એક એવા વિકાસના પથપર લઇ જાય છે કે જેમાં વ્યક્તિનો વિકાસ સમાજના વિકાસમાં અવરોધરૂપરૂપ નથી બનતો. પણ વાંદરાનાં હાથમાં મોતી આવે તો તેનો તેની શું કિંમત હોય ? તેવું આપણું થયું છેઆપણને પારકે ભાણે મોટા લાડવા દેખાય છે. રામે સાચું જ કહ્યું છે ને કે......
હે લક્ષ્મણ ! સુવર્ણમયી લંકા મને નથી જોઇતી
જનની અને જન્મભૂમિ સ્વર્ગથી પણ મહાન છે

ભારત કંગાળ નથી, કંગાળ થયા છે ભારતવાસીઓ ધર્મમાં ધતિંગ, અધ્યાત્મમાં આડંબર ,ભક્તિમાં વહેમ અને સમાજ માં દ્વેષ વધ્યા છે તેથી શું હું એને છોડી દઉં? મા ને રોગ થાય તો તેનો ઇલાજ કરવાનો હોય કે મા ને છોડી દેવાની હોય? મારી સંસ્કૃતિની અવદશા માટે અમે જ જવાબદાર છીએ તે સમજવું જ પડશે

રાકેશ શર્મા જેવા અવકાશયાત્રી ને જ્યારે તેઓ અવકાશ માર્ગે પરિભ્રમણ કરતા હોય છે ત્યારે તેમને કેવું લાગે છે ? ત્યારે તેમણે ખૂબજ સુંદર જવાબ આપ્યો આખા વિશ્વથી સારૂ,
હિન્દુસ્તાન અમારું.
આજના વામણા નેતાઓ તો ભારતનું દુર્ભાગ્ય છે પણ ભવ્ય ઇતિહાસ જોઇએ તો અહીંયા ચંદ્રગુપ્ત મૌર્ય,શિવાજી,ઇક્ષવાકુ, દુષ્યંતપુત્ર ભરત જેવા કર્તુત્વવાન શાસકો થઇ ગયા છે. જેમણે આ ભૂમિનું મળવો દુર્લભ છે

વિશ્વ સમક્ષ બેજોડ સંસ્કૃતિ મૂકીને ભારતનું નામ વિશ્વફલક પર ગૂંજતું થ છે. ભારતીય દિવ્ય રત્નોથી ભારત ઝગારા મારતું રહ્યું છે માતૃ દેવો ભવપિતૃ દેવો ભવ, આચાર્યદેવો ભવ અને અતિથિદેવો ભવને વરેલી ભારતીય સંસ્કૃતિએ પોતાની આગવી ઓળખ ઉભી કરી છે.

આબાલ,વૃધ્ધ તમામ ભારતીયો સાથે મળીને પુન મહાન સંસ્કૃતિ નું નિર્માણ કરશું. તેમજ ભારતીય તરીકે ગૌરવ પ્રાપ્ત કરી ફરી મેરા ભારત મહાન નું સ્વપ્ન સાકાર કરીશું. જે ભારતીય ભૂમિ પર આપણે જન્મ્યા છીએ તેમજ શ્વાસ લઇ રહ્યા છે તે ભારતીય ભૂમિના આપણા ઉપકારનો બદલો કઇક કરી છુટવાની ભાવના સાથે વાળીશું તો જરૂર આપણો જન્મ સફળ થયો ગણાસે એવું મને લાગે છે

કુ. એન. વી. સોરઠિયા
ઉ. માધ્ય. શિક્ષક

# રાષ્ટ્રપ્રેમ

આજના યુગમાં લોકમાનસનું જો બારીકાઇથી અવલોકન કરીશું તો જણાશે કે બધે જ વ્યાપક હતાશા, દીનતા, લાચારી, ઉદાસીનતા જોવા મળશે. તેવી વૃત્તિવાળા લોકોનાં જીવનમાં આત્મગૌરવ, સ્વદેશાભિમાન, સંસ્કૃતિ માટેનાં પ્રેમનો સદંતર અભાવ દેખાશે સમગ્ર વિશ્વમાં પ્રત્યેક જગ્યાએ માનવજીવનમાં વિષમતા, કુસંપ, ખટરાગ જોવા મળે છે. વળી ભેદભાવ, ધર્મપરિવર્તન જેવી વાતોને લઇને ઘડિભરમાં યુધ્ધના છમકલા જોવા મળે છે.

આજની યુવાપેઢી બેંચ કે બસની સીટ પર, સ્કુલની કે કોલેજોની દિવાલ પર પોતાના પ્રેમિકાના નામ ચિતરીને પોતાની હતાશા, વિકૃત માનસિકતા પ્રદર્શિત કરે છે, તો આવા યુવાનોમાં સાચો દેશપ્રેમ કેવી રીતે આવે?

રાષ્ટ્ર એટલે શું ?

જમીન કે ભૂમિ એટલે રાષ્ટ્ર નહિ અમુક ભૂમિ પર જન્મ્યા એટલે આપણે રાષ્ટ્રિય બની જતા નથી. રાષ્ટ્ર એટલે જેની પાસે વિશિષ્ટ, વિચારધારા, વિશિષ્ટ જીવનશૈલી, વિશિષ્ટ ધાર્મિકશ્રેણી અને વિશિષ્ટ આધ્યાત્મિક કલ્પના છે તે આવા રાષ્ટ્રનું અને તેની વિશિષ્ટતાનુ જતન એટલે જ રાષ્ટ્રપ્રેમ

સુદ્રઢ રાષ્ટ્રના નિર્માણમાં ઉન્નત વિચારો જ પથદર્શક બને. કંઇ કેટલીયે સંસ્કૃતિઓ આવી અને ગઇ છતાં આજદિન સુધી ટકી રહી હોય તો તે ફક્ત ભારતીય સંસ્કૃતિ જ.

" નથી કોઇ પરવા કબર કે કફનની,,
નથી કોઇ પરવા દફન કે દહનની,
નથી કોઇ પરવા બદનના જતનની
મને એક પરવા છે મારા વતનની."

જે ભૂમિમાં જન્મ લીધો નાનાથી મોટા થયા તે ભૂમિ ઉપર પ્રેમ હોવો જોઇએ જેનામાં રાષ્ટ્રપ્રેમ છે તે એમ નથી વિચારતો કે મને રાષ્ટ્રએ શું આપ્યું? પરંતુ એમ વિચારે છે કે મેં રાષ્ટ્રને શું આપ્યું?

આજે જ્યારે વ્યક્તિ પોતાના દેશ પ્રત્યે દુર્લક્ષ સેવીને વિદેશમાં પૈસા કમાવા માટે દોટ મૂકે છે ત્યારે તેને શું આપણે રાષ્ટ્રપ્રેમ કહીશું?

અથર્વવેદ કહે છે: અમેં તારાથી નિર્માણ થયા છીએ, તારા ઉપર નાચીએ, કૂદીએ છીએ. એવું ઉન્નત અમારું ભારત રાષ્ટ્ર છે મારી બુધ્ધિ, મારી શક્તિ આ ભૂમિને ઉપર લાવવ માટે છે. તે જ ખરી રાષ્ટ્રિય અસ્મિતા ગણાય.

દ્રષ્ટાંત:

વિશ્વવિજયી થવા નીકળેલા સિકંદરને ભારતની સીમા પર માસાગા નામની એક નાની જાતિ મળે છે. તેમની સંખ્યા ૭૦૦૦ હતી. સિકંદરે તેઓને શરણાગતિ સ્વીકારી લેવા પ્રલોભનો આપ્યા. નોકરી, સ્ત્રી, સગવડ, ધનના પ્રલોભન મળવાનો બીજો વિકલ્પ મૃત્યુ હતું માસાગા જાતિના નાયકોએ એક રાત્રિનો સમય માંગ્યો. તેમણે વિચાર્યું કે ગ્રીકોની વાત ન માનીએ તો શું પરિણામ આવે? આ રીતે ગ્રીકો આગળ ઝૂકી જવું યોગ્ય ગણાય કે નહિ? પછી તેમણે નક્કી કર્યું કે જે લોકો આપણી સંસ્કૃતિ વિરુદ્ધ લડે છે તેમના શરણે ન જવાય. પ્રાણ જતા હોય તો ભલે જાય. રોટલા કે બીજી વસ્તુ મળે તો શું થયું ? સંસ્કૃતિના રક્ષણ માટે મરવું પડે તો ભલે મરવું પડે પણ શરણાગતિ નહિ સ્વીકારીએ.

સિકંદરે તેમની કતલ કરી નાંખી તો શું માસાગા નામની આ જાતિને આપણે જ ગલી ગણીશું ? ના. તેમની દ્રષ્ટિમાં તેમની ભૂમિની દેશની અને સંસ્કૃતિની કિંમત પોતાના પ્રાણોથી વિશેષ હતી. આ જ બાબત ખરો રાષ્ટ્રપ્રેમ દર્શાવે છે.

સામી છાતીએ લડત આપનારાઓ :

આ દેશ ઉપર જ્યારે જ્યારે વિપત્તિ આવી રહી છે ત્યારે ત્યારે તેની સામે ઝઝૂમનારા વીરશહીદોની સંખ્યા કંઇ ઓછી નથી. સ્ત્રી ચરિત્ર હોવા છતાં અંગ્રેજ સલ્તનતને જેની સામે લડતા સાક્ષાત મૃત્યું દેખાતું તેવી રાણી લક્ષ્મીબાઇ કહે છે કે, "મૈં અપની ઝાંસી નહી દૂંગી." એના માટે કહેવાય છે, "ખૂબ લડી મર્દાની વો તો ઝાંસી વાલી રાની થી" શહીદ વીરભગતસિંહ, ચન્દ્રશેખર આઝાદ, સુખદેવ, રાજગુરૂ, વીરસાવરકર તો વળી કચ્છનાં ક્રાંતિવીર શ્યામજીકૃષ્ણવર્મા વગેરેમાં રાષ્ટ્રપ્રેમ છલ્લોછલ દેખાય છે.

"વિવિધતામાં એકતા એ જ અમારી શાન છે,
એટલા માટે જ તો મારૂં ભારત મહાન છે."

અવતારો માટે આદર :

આપણાં દેશમાં કેટલાયે અવતારો અને ઋષિઓ જન્મ્યા તેમના જીવનમાં પણ ટોચનો રાષ્ટ્રપ્રેમ જોવા મળે છે. આવા જ એક મહાપુરૂષ સ્વામી વિવેકાનંદ શિકાગોની વિશ્વધર્મ પરિષદમાંથી પાછા ફરી રહ્યા હતા ત્યારે પત્રકારે પૂછ્યું કે" તમેં અમેરિકાની ભૂમિ છોડીને ભારત જઇ રહ્યા છો તો કેવી લાગણી થાય છે? ત્યારે સ્વામી વિવેકાનંદે કહ્યું કે "હું ભોગભૂમિમાંથી ભાવભૂમિમાં જઇ રહ્યો છું"ભારતમાં આવ્યા પછી તેમણે સૌ પ્રથમ ભારતની માટી માથે ચડવી. આવી પ્રબળ હતી તેમની રાષ્ટ્રભાવના.

ગજવામાં કંઇ હોય નહિ છતાં I Promise to pay એમ કહેવાવાળા લોકોથી રાષ્ટ્ર ઉપર નથી આવતું. રાષ્ટ્ર વૃત્તિથી ઉપર આવે છે પાંચિયાથી માંડીને પાંચસો સુધીની પીડા સતાવનાર નિસ્તેજ નાગરિકો રાષ્ટ્રનું નિર્માણ ન કરી શકે ફક્ત દેશભક્તિના ગીતો સાંભળવાથી કે ગાવાથી રાષ્ટ્ર ઊભું થતું નથીશૌર્ય અને વીરતાથી રાષ્ટ્ર ઊભું થાય.

પડકાર :

રાષ્ટ્રને જોખમમાં મૂકનારા આતંકવાદભ્રષ્ટાચાર, ધર્મ-જાતિ અને કોમવાદના સડાને દૂર કરવાં આપણે સૌએ કટિબધ્ધ બનવું પડશે રાષ્ટ્ર માટે આવા પરિબળો પડકારજનક છે. ભારતીય અર્થતંત્રને કંગાળ બનાવી મૂકે છેભારતીય સમૃધ્ધિને ખલાસ કરી રહ્યાં છે આવા પરિબળો - વિના સહકાર, નહિ ઉધ્ધાર - એ વગર ડામવા કઠિન છે.

સલામ :

સલામ છે એ આપણાં જાંબાઝ સૈનિકોને, જેઓ રાષ્ટ્રને ખાતર પોતાના પ્રાણોનું બલિદાન આપતાં અચકાતા નથી.




"આઓ ઝુકકર સલામ કરે ઉન્હેં
જિનકે હિસ્સે મેં યે મુકામ આતા હૈ
કિતને ખુશનસીબ હૈ વો લોગ,
જિનકા ખૂન વતન કે કામ આતા હૈ"

ટાઢ, તાપ, વરસાદની વચ્ચે પણ ખડા પગે રહીને આપણું રક્ષણ કરી રહ્યાં છે તેઓના રક્ષણને લીધે જ આપણે નિશ્ચિત થઇને જીવી શકીએ છીએ રાષ્ટ્રનું ગૌરવ અને શાન તેઓ વધારતા રહેલાં છે

એક શિક્ષિત નાગરિક તરીકે આપણે રાષ્ટ્રના મૂલ્યો સંસ્કારોનું જતન અને સંવર્ધન કરીએ. બાળકોમાં રાષ્ટ્રભાવ ખીલવીએ, રાષ્ટ્રપ્રેમના પાઠો ભણાવીએ જેથી તેમના થકી "મેરા ભારત મહાન"નું સ્વપ્ન સંપૂર્ણપણે સાકાર થશે

"હર વક્ત મેરી આંખોમેં ધરતી કા સ્વપ્ન હો,
જબ કભી મરું તો તિરંગા મેરા કફન હો
ઔર કોઇ ખ્વાઇશ નહી જીંદગી મેં,
જબ કભી જન્મું તો ભારત મેરા વતન હો"

## વિવિધ રીતે ડીજીટલ પેમેન્ટ

KAUSHAL JOSHI
PROGRAMMER




## U.P.I ( યુનિફાઈડ પેમેંન્ટ ઈંન્ટરફેસ )



| | |
|---|---|
| યુપીઆઈ રજીસ્ટ્રેશન માટેની જરુરીયાત | સ્માર્ટફોન ઈન્ટરનેટ સાથે બેંક એકાઉન્ટ |
| સભ્ય બેંકો | ૩૦ બેંકો ( AXIS Bank , SBI, PNB, ICICI વગેરે) |
| સગવડતા | . એક બેંકમાંથી અન્ય બેંકમાં ટ્રાન્સફર<br>. વર્ચ્યુઅલ આઈડી દ્વારા ટ્રાન્સફર<br>. એકાઉન્ટ નંબર + IFSC કોડ દ્વારા ટ્રાન્સફર<br>. એકથી વધુ બેંકના એકાઉન્ટ સંલગ્ન કરી શકાય<br>. પૈસા મોકલાવવા તથા મંગાવી શકવાની સવલત |
| ઉપલબ્ધ એપ | . AXIS PAY, PNB UPI, BOB UPI, SBI PAY વગેરે |

# સાવચેતીના પગલા

- આપનો પાસવર્ડ/ પીન નંબર કોઈને આપવો નહી.
- આપનો પાસવર્ડ નિયમિત બદલતા રહો.
- એટીએમ ટ્રાન્ઝેક્શન વખતે બીજાની નજર ન રહે તેની કાળજી રાખવી
- આપના ડેબિટ કાર્ડ / ક્રેડિટ કાર્ડ સંભાળી ને રાખો
- કોઈપણ બેંક પોતાના ગ્રાહક પાસેથી ક્યારે પણ ફોન / ઈ મેઈલ કે અન્ય રીતે તેમના ખાતાની ખાનગી માહિતી પક્ષ્તી નથી.